| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૪/૦૧/૨૦૨૦ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨/૨૦૨૦**

## ઇસનપુર પોલીસ સ્ટેશન

### શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ બે આરોપીઓની પાસા કરી જુદી-જુદી જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલા ૨ આરોપીના પાસાના પ્રપોઝલ તૈયાર કરી નામ સામે જણાવ્યા મુજબના પાસાના હુકમો કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમ બનાવી આરોપીઓને શોધી કાઢી પકડી પાડી આરોપીઓ (૧) સોયેફઅલી ઉર્ફે ઘેટા સ/ઓ સૈયદઅલી મો.અલી સૈયદ ઉ.વ ૨૧ રહે બી-૨૦ સોનીનુ ખેતર ગુલશને મદીના સોસાયટી મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૦૫/૨૦૨૦ તા.૦૨/૦૧/૨૦૨૦ થી ભુજ પાલારા જેલ ખાતે તથા (૨) સરફરાજ ઉર્ફે ગુડ્ડુ મહમદયુનુશ અંસારી ઉ.વ ૨૧ રહે મ.ન ૭ મિલ્લતનગર મીરા ટોકીઝ આગળ ઇસનપુર અમદાવાદ શહેરને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૦૬/૨૦૨૦ તા.૦૨/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે એમ બન્નેને જુદી-જુદી જેલ મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૨/૦૧/૨૦૨૦



## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૩.૧.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત-સબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની મારામારી અને બોલાચાલીÊ ઝઘડો કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી ચપ્પુ વડે ઈજા કરનાર હિંસાત્મક અસામાજીક પ્રવૃતિ આચરનાર ઈસમ **(૧) મહેશ ઉર્ફે બાબુલાલ પ્રતાપજી ઠાકોર ઉ.વ.૩૭ રહેવાસી : પતરાવાળી ચાલી મિલન સિનેમા સરસપુર અમદાવાદ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મહેશ ઉર્ફે બાબુલાલ પ્રતાપજી ઠાકોર ઉ.વ.૩૭ રહેવાસી : પતરાવાળી ચાલી મિલન સિનેમા સરસપુર અમદાવાદ |

અમદાવાદ શહેરના કાલુપુર તથા નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગારીતો સાથે મળી પેસેન્જરોને પોતાની ઓટો રીક્ષામા બેસાડી નજર ચુકવી પેસેન્જરોના પર્સ તથા અન્ય ચીજ વસ્તુઓની ચોરી કરનાર તેમજ ગોડાઉનનું શટર ઉચું કરી ગોડાઉનમાંથી કાપડની ઘાંસડીઓની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવાનાર ઈસમ **જાકીર ઉર્ફે બંગાળી નાશીરભાઇ કુરેશી ઉ.વ.૨૦ રહેવાસી : કે/૧૦ ઇંદીરાનગર પાછળ ગુલશન પાર્ક ઇસનપુર અમદાવાદ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | **જાકીર ઉર્ફે બંગાળી નાશીરભાઇ કુરેશી ઉ.વ.૨૦ રહેવાસી : કે/૧૦ ઇંદીરાનગર પાછળ ગુલશન પાર્ક ઇસનપુર અમદાવાદ** |

અમદાવાદ શહેરના સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો મારફ્તે ગેરકાયદેસરનો વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો મંગાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરનાર **(૧) સુરેશ વનારામ રાજનટ ઉ.વ.૩૩ રહેવાસી : નટના છાપરા છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર મુળ ગામ : બમણીયા જિ.પાલી રાજસ્થાન** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | **સુરેશ વનારામ રાજનટ ઉ.વ.૩૩ રહેવાસી : નટના છાપરા છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર મુળ ગામ : બમણીયા જિ.પાલી રાજસ્થાન** |

આ ઉપરાંત અન્ય પ્રોહીબીશન/શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૩ ઇસમો મળી **કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને ભૂજ, રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# <u>કૃષ્ણનગર વટવા પોલીસ સ્ટેશન</u>

## <u>તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સજા ફરમાવેલ ૭૦ મુજબના પકડ વોરન્ટમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ હિસ્ટ્રીશિટર તથા એમ.સી.આર વાળા ઇસમોને અવાર-નવાર ચેક કરવા તથા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અને પ્રોહી બુટલેગરો ઉપર અવાર-નવાર રેઇડો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ રાતના સમયે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અત્રેના કૃષ્ણનગર પો.સ્ટે.ના ક્રિમીનલ કેશ નં-૫૭૦/૨૦૧૪ થી નીચે જણાવેલ આરોપીને પી.યુ.અંધારીયા સાહેબ ની કોર્ટ એડી.ચીફ.મેટ્રો.મેજી મેટ્રો.મેજી.કોર્ટ નં-૨૭ નાઓએ તહોમતદારને પકડી રજુ કરવા હુકમ કરેલ હોય અને સદરી આરોપી પોતાની અટક ટાડવા સારૂ નાસતો-ફરતો હોય જે સજા પાત્ર વોરંટમાં જણાવેલ આરોપીને તેના અન્ય રહેણાંક મકાન ની માહિતી મેળવી બાતમી હકિકત આધારે તપાસ કરી મળી આવતા તા,૦૨/૦૧/૨૦૨૦ ના ક,૨૨/૧૫ વાગે પકડી લોકપમાં રાખી કોર્ટ સમય અંદર રજુ કરી સારી કામગીરી કરેલ છે તા.૦૩/૦૧/૨૦૨૦

**<u>આરોપીનું નામ</u>** :- મહેન્દ્ર સ/ઓ અમરસિંહ જાતે પટેલ ઉ.વ.૪૫ રહે,મ.નં-જી/૭,ઉત્તમ પાર્ક સોસાયટી ઉત્તમનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની નાઇટની ટીમના માણસો એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૯૯ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સાથેના માણસો

<u>આરોપીનો ફોટો</u>



# જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન

## છરી બતાવી મોબાઇલ આંચકીલેતા ગુનેગારોને પકડી પાડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્ર અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સા.તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સા.તથા મ.પો.કમિશ્રી "જે" વિભાગ નાઓની સુચનાથી અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ચોરીના ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા આપેલ સુચના આધરે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ સાહેબના માર્ગદર્શન હેઠળ **પો.સ.ઇ. શ્રી એમ.સી.જાડેજા સાહેબ તથા પો.કો. ફિરોજશા મરદાનશા બ.ન.૯૦૦૧ તથા પો.કો. ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૧૪૩ નાઓએ ચોક્કસ બાતમી હકીકત મેળવી વોચ ગોઠવી જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.(પાર્ટ-એ)000૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩),૩૭૯(એ)(૪), ૧૧૪ મુજબના કામના આરોપીઓ (૧) કરીમ ઉર્ફે આહિલ સ/ઓ મુખતાર અબ્દુલઅજીજ પઠાણ ઉવ.૨૧ રહે, મકાન નં.૩૬ હયાતનગર ફરીદાબાદ પાછળ રામોલ રોડ જનતાનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ સીંગપુર પોસ્ટ સુર્યામા જિ.ભદોઇ (યુ.પી.) તથા (૨) મુદસીર ઉર્ફે મુદ્દા સ/ઓ મહેદીહસન અબ્દુલજાહિદ પઠાણ ઉવ.૨૦ રહે, મકાન નં.૩૨ હયાતનગર ફરીદાબાદ પાછળ રામોલ રોડ જનતાનગર અમદાવાદ શહેર** નાઓને **એમ.આઇ. મો.ફોન કિંમત રૂપિયા ૬,000/- ગુનાના કામે વાપરેલ સ્પ્લેન્ડર મોટર સાયકલ આર.ટી.ઓ.નં.GJ-07-BS-9179 કિંમત રૂપિયા ૨૦,000/- તથા ગુનાના કામે વાપરેલ છરી** સાથે તા-૦૨/૦૧/૨૦૨૦ ના કલાક ૧૯/૫૫ વાગે પકડી નામદાર કોર્ટમાંથી દીન-૩ ના રીમાન્ડ મેળવી તપાસ હાથ ધરી સારી કામગીરી કરેલ છે.

**આરોપી (૧) કરીમ ઉર્ફે આહિલ સ/ઓ મુખતાર અબ્દુલઅજીજ પઠાણ**






**આરોપી (૨) મુદસીર ઉર્ફે મુદ્દા સ/ઓ મહેદીહસન અબ્દુલજાહિદ પઠાણ**






## **કાગડાપીઠ પોલીસ સ્ટેશન**

## **(૧) શહેરકોટડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૫૪૪૪/૨૦૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૬(ઈ), ૯૮(૨),૮૧ મુજબના ગુનાની વોન્ટેડ આરોપી બેનને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓ ને શોધી કાઢી પકડી પાડવા સારુ સુચનાઓ મળતી હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર યુ.ડી.જાડેજા સાહેબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વલન્સ સ્કોડ **પો.સ.ઈ એમ.બી.પટેલ** નાઓ તથા સર્વ સ્કોડ ના માણૅસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન **એ.એસ.આઈ ગોવિંદભાઈ મોતીભાઈ તથા પો.કો.કલ્યાણસિહ અભેસંગભાઈ** નાઓની સયુક્ત બાતમી હકિકત આધારે શહેરકોટડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૫૪૪૪/૨૦૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૬(ઈ),૯૮(૨),૮૧ મુજબના ગુનાના કામે વોન્ટેડ આરોપી બેન નામે **પિંકીબેન ઉર્ફે પિન્કા W/O રમેશભાઈ રમણભાઈ ચુનારા ઉવ ૪૫ ધંધો મજુરીકામ રહે,ચુનારાવાસ રૃગનાથપુરાની પીઠની સામે રા.દ.બહાર અમદાવાદ શહેર** નાઓને તા-૦૪/૦૧/૨૦૨૦ ના કલાક ૧૩/૧૫ વાગે.પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



## **(૨) એલીસબ્રિજ પો.સ્ટે. ફ્સ્ટ ગુ.ર.નં-૨૬૫/૨૦૦૯ ધી ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબના ગુનાનો છેલ્લા ૧૦ વર્ષથી નાસતો-ફરતો/વોન્ટેડ આરોપીને પક્ડી પાડતી કાગડાપીઠ પોલીસ**

| |
|---|
| મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારુ સુચનાઓ મળતી હોય જે અનુસંધાને **પોલીસ ઈન્સપેક્ટર યુ.ડી.જાડેજા સાહેબ** કાગડાપીઠ પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ ચોકી તથા સર્વેલન્સ સ્કોડના **પો.સ.ઈ વી.એલ.વાઘેલા તથા એમ.બી.પટેલ તથા પો.કો.રાજુભાઈ વેલજીભાઈ તથા પો.કો.જીલુભાઈ રાણાભાઈ તથા પો.કો.કુણાલભાઈ દિનેશભાઈ** નાઓએ એલીસબ્રિજ પો.સ્ટે. ફ્સ્ટ ગુ.ર.નં-૨૬૫/૨૦૦૯ ધી ઈ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનાના છેલ્લા ૧૦ વર્ષથી નાસ્તો-ફરતો/વોન્ટેડ આરોપી નામે **સચીનકુમાર ભાનુશંકર જોષી ઉવ ૪૨ રહે,હાલ જયઅદિતી સોસાયટી ,વિશ્વકર્મા મંદિરની પાછળ વંદેમાતરમ રોડ ચાંદલોડીયા અમદાવાદ શહેર તથા મ.ન.બી/૩૦૨ ગણેશગ્રીન ચેનપુર રોડ ન્યુ રાણીપ અમદાવાદ શહેર** નાઓને તા-૦૩/૦૧/૨૦૨૦ ના કલાક ૨૩/૫૫ વાગે.પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે. |



## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૧૮૯ કિ.રૂ. 1,32,300/- ને મુદ્દામાલ સાથે બે આરોપીને પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02 અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે સુચના આધારે અમો તથા સર્વેલન્સ સ્કોડના અ.હે.કો.દિનેશભાઈ ધનજીભાઈ બ.નં.3450 તથા અ.હે.કો.લક્ષ્મણભાઈ જીવાજી બ.નં.9287 તથા અ.પો.કો. કરણજી મેણંદભાઈ બ.નં.1339 તથા અ.પો.કો.વિપુલભાઈ બાબુભાઈ બ.નં.6185 નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન અ.પો.કોન્સ.શામળભાઈ ગાંડાભાઈ બ.નં.4427 તથા અ.પો.કો.વિપુલભાઈ બાબુભાઈ બ.નં.6185 નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે એક ફોર વ્હિલર ગાડી નંબર. GJ-08-F-9307 માથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૧૮૯ તેમજ મોબાઇલ ફોન નંગ-3 મળી કુલ્લે કિ.રૂ. 2,19,800/- ની મત્તાના મુદ્દામાલ સાથે આરોપી (1) જયરામ પુરારામ ચૌધરી (જાટ) ઉ.વ.27 રહેવાસી.ગામ.36 જાણીયો કી બસ્તી જાણીયાવવાસ તા. ચોહટન જી.બાડમેર થાના.ધોરીમન્ના પંચાયત. બાસડાઉ ( રાજસ્થાન ) તથા નં.(2) સ્વરુપરામ શ્રવણકુમાર ગવારીયા ઉ.વ.28 રહેવાસી.ગામ.મ.નં.115 ગોદારો કી ઢાની ચવા તા.જી.બાડમેર થાના.બાડમેર (રાજસ્થાન ) નાઓને પકડી પ્રોહીનો ગણના પાત્ર કેસ શોધેલ છે.તા.03/૦૧/૨૦૨૦